COVID-19 ના દર્દીના નિદાન અંગે ખાનગી લેબોરેટરી ટેસ્ટ કરાવવા અંગેની ગાઈડલાઈન બાબત.

**ગુજરાત સરકાર**
ક્રમાંકઃ એનસીવી/૧૦૨૦૨૦/એસ.એફ.એસ.-૧૦/ગ.
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તાઃ૨૫/૦૬/૨૦૨૦

વંચાણે લીધા:

(૧) અધિક નિયામકશ્રી (આ) નો તા.૨૫/૦૬/૨૦૨૦ નો પરિપત્ર ક્રમાંકઃ ઇપીસી/૨૧/કોરોના વાયરસ/ખાનગી લેબ.ટેસ્ટીંગ/ગાઇડલાઇન/બાબત/બ-૨૦ 116423-686

પરિપત્રઃ

૨. રાજય સરકાર ધ્વારા કોરોના સામે લડવા સઘન કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. કોરોના વાયરસ COVID-19ની અસરોને પહોંચી વળવા તેમજ રોગ અટકાયત અને નિયંત્રણની કામગીરી કાયદાકીય રીતે ત્વરિત હાથ ધરી શકાય તે હેતુસર એપેડેમીક ડીસીઝ એકટ- ૧૮૯૭ અન્વયે આ વિભાગના ક્રમાંકઃ એનસીવી/૧૦૨૦૨૦/એસએફએસ-૧,તાઃ૧૩-03-૨૦૨૦ના જાહેરનામાથી રાજયમાં ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન- ૨૦૨૦ લાગુ કરવામાં આવેલ છે.

૩. રાજ્યની સરકારની માન્યતા પ્રાપ્ત ખાનગી લેબોરેટરી કોવીડ-૧૯ rtPCR ટેસ્ટ માટે, જો દર્દી લેબોરેટરી ખાતે જઈ ટેસ્ટ માટે સેમ્પલ આપે તો વધુમાં વધુ રૂ.૨૫૦૦/- અને જો લેબોરેટરી દ્વારા દર્દીના ઘરે કે અન્ય હોસ્પિટલમાં જઈ સેમ્પલ કલેક્ટ કરવામાં આવે તો વધુમાં વધુ રૂ.3,000/- નો ચાર્જ લઇ શકાશે. આ રકમમાં તમામ ખર્ચનો સમાવેશ થાય છે.

૪. કોવીડ-૧૯ rtPCR ટેસ્ટ માટે જો કોઇ ખાનગી લેબોરેટરી પરિપત્રમાં દર્શાવેલ ચાર્જ કરતાં વધારે ચાર્જ લેશે તો તે લેબોરેટરીની માન્યતા રદ્દ કરવામાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હરેશ પરમાર)
ઉપ સચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગ, સચિવાલય.
- અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગર. (સર્વે સબંધિતોને જાણ કરવા સારૂ)
- અધિક નિયામકશ્રી,(તમામ) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી રાજકોટ/અમદાવાદ
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા (તમામ).
- જિલ્લા કલેક્ટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (તમામ)
- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ આરોગ્ય અને તબીબી સેવાઓ
- શાખા સિલેક્ટ ફાઇલ – ૨૦૨૦